જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨/૧/૨૦૧૭ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૩/૧૭**

## રાજ્યમાં નશાબંધીના કાયદાનો ચુસ્તપણે અમલ થાય તે સારુ કાયદાકીય સજાની જોગવાઇમાં વધારો કરવા છતાં દેશની આર્થિક સ્થીતીને નબળી પાડી યુવાધનમાં નશીલા પદાર્થૈનુ સેવન કરવા મજબુર કરી ઝેર ઓકતા માદક દ્રવ્યોની હેરાફેરી કરી વેચાણ કરનાર રીઢા ગુનેગારને અફીણના જથ્થા સાથે પકડી પાડતી ઓઢવ પોલીસ.

પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ તાજેતરમાં નશાબંધીના કાયદાનો ચુસ્તપણે અમલ થાય અને શહેર વિસ્તારમાં ચોરીછુપીથી નાર્કોટીક્સ અને માદક દ્રવ્યોની હેરાફેરી વેચાણ કરનાર તથા આવા માદક પદાર્થૈ/દ્રવ્યોનુ સેવન કરનાર વ્યસનીઓ/રીઢા ગુનેગારોનુ સચોટ પગેરુ મળી રહે તેવી રીતે સઘન ઝુબેશ આદરી પરીણામલક્ષી કામગીરી કરવા આપેલ સુચના તેમજ ૩૧ મી ડીસેમ્બર ૨૦૧૬ અનુસંધાને તાબાના અધિકારી તથા માણસોને આપેલ સુચના આધારે ગઇકાલ તા.૩૧.૧૨.૨૦૧૬ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સપેક્ટર શ્રી એન.એલ.દેસાઇ નાઓને મળેલ ચોકક્સ અને આધારભુત બાતમી હકીકત આધારે પંચો તથા સ્ટાફના માણસો સાથે ઓઢવ રીંગરોડ સર્કલ પાસે વોચમાં હાજર હતા દરમ્યાન કલાક ૨૨.૩૫ વાગે લોડીંગરીક્ષા નં.જીજે.૧.ડીટી.૯૯૦૧ ની વોચમા હાજર હતા દરમ્યાન ઉપરોક્ત લોડીંગ રીક્ષા કઠલાલ રોડ તરફથી આવતા રોકી લઇ ડ્રાઇવર ચાલકની તથા લોડીંગરીક્ષાની જડતી તપાસ કરતા લોડીંગ રીક્ષાના સ્ટેરીંગની જમણી બાજુની ડેકીમાંથી પ્લાસ્ટીકની થેલીમાં મુકેલ ગેરકાયદેસરનો પાસ પરમીટ વિનાનો અફીણનો જથ્થો કુલ્લે ૪૯૮ ગ્રામ કિ રૂ ૭૯,૬૮૦/-નો મળી આવતા કાયદેસર કાર્યવાહી કરતા સદરી આરોપી ઉપરોક્ત અફીણનો જથ્થો બંસીલાલ બિશ્નોઇ રહે.ગામ.કરડા તા.રાણીવાડા જી.ઝાલોર રાજસ્થાનની પાસેથી લાવેલ હોવાનુ જણાવતા સદરી આરોપી કાલુરામ ભવરલાલ બિશ્નોઇને તા.૦૧.૦૧.૨૦૧૭ ના કલાક ૩.૪૫ વાગે પકડી અટક કરી બન્ને ઇસમો વિરુધ્ધ ઓઢવ પો.સ્ટે સે.ગુ.ર.નં.૩૦૦૧/૧૭ ધી એન.ડી.પી.એસ.એક્ટ ૮(સી),૨૦(બી) મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ છે.

## રાજ્યમાં નશાબંધીના કાયદાનો ચુસ્તપણે અમલ થાય તે સારુ કાયદાકીય સજાની જોગવાઇમાં વધારો કરવા છતાં દેશની આર્થિક સ્થીતીને નબળી પાડી યુવાધનમાં નશીલા પદાર્થૈનુ સેવન કરવા મજબુર કરી ઝેર ઓકતા માદક દ્રવ્યોની હેરાફેરી કરી વેચાણ કરનાર રીઢા ગુનેગારને અફીણના જથ્થા સાથે પકડી પાડતી ઓઢવ પોલીસ.

પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ તાજેતરમાં નશાબંધીના કાયદાનો ચુસ્તપણે અમલ થાય અને શહેર વિસ્તારમાં ચોરીછુપીથી નાર્કોટીક્સ અને માદક દ્રવ્યોની હેરાફેરી વેચાણ કરનાર તથા આવા માદક પદાર્થૈ/દ્રવ્યોનુ સેવન કરનાર વ્યસનીઓ/રીઢા ગુનેગારોનુ સચોટ પગેરુ મળી રહે તેવી રીતે સઘન ઝુબેશ આદરી પરીણામલક્ષી કામગીરી કરવા આપેલ સુચના તેમજ ૩૧ મી ડીસેમ્બર ૨૦૧૬ અનુસંધાને તાબાના અધિકારી તથા માણસોને આપેલ સુચના આધારે ગઇકાલ તા.૨૫.૧૧.૨૦૧૬ નારોજ પો.સ.ઇ.શ્રી વી.એન.ચૌધરી ઓઢવ પો.સ્ટે.નાઓને મળેલ બાતમી હકીકત આધારે કલાક ૧૨.૩૦ વાગે ઓમશ્રી મહાકાળી કિરાણા સ્ટોર નામની દુકાનમાંથી આરોપી મુખતાર જગન્નાથપ્રસાદ યાદવ રહે.મ.નં.૯ ઘનશ્યામ વિલા સોસાયટી ભરવાડના ટેકરા સામે સીંગરવા ઓઢવ અમદાવાદને વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે પોતાના કબ્જામાં રાખેલ કુલ્લે ૧,૧૭૨ ગ્રામ ગાંજાનો જથ્થો જેની કિ રૂ ૧૧,૭૨૦/- સાથે પકડી પાડી ઉપરોક્ત ગાંજાનો જથ્થો પોતે પોતાના સાગરીત ઇશ્ર્વરભાઇ ઠાકોર રહે.ગામ ઝાંણુ તા.દસ્કોઇ જી.અમદાવાદ નાએ આપેલ હોવાનુ જણાવતા બન્ને ઇસમો વિરુધ્ધ ઓઢવ પો.સ્ટે સે.ગુ.ર.નં.૩૨૪૧/૧૬ ધી એન.ડી.પી.એસ.એક્ટ ૮(સી),૨૦(બી) મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)